ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (૦૭૯) ૨૬૩૦ ૨૬૫૪
Telephone : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
Telegram : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
## G U J A R A T U N I V E R S I T Y

( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. ૪૦૧૦, VARANGPURA,
AHMEDABAD-૩૮૦૦૦૯. (INDIA)

**નં. પરીક્ષા/MEd/૮૮૮૮ /૨૦૧૩** **તા. ૨-૩-૨૦૧૩**

**પરિપત્ર નં. ૩૩**

પ્રતિ,
ગુજરાત યુનિવર્સિટી એમ.એડ્. વિભાગના વડાશ્રી અને સંલગ્ન તમામ એમ.એડ્. કૉલેજના આચાર્યશ્રીઓ.

**બાબત : એમ.એડ્. ડિઝર્ટેશન જમા કરાવવા અંગે.**

**શ્રીમાન,**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ એમ.એડ્. કૉલેજના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપની કૉલેજમાં અભ્યાસ કરતા વર્ષ ૨૦૧૨-૧૩ના તમામ વિદ્યાર્થીઓ અને રીપિટર વિદ્યાર્થીઓ કે જેમણે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન એમ.એડ્.ની પરીક્ષા આપવા માટેનાં ફોર્મ ભર્યા હોય અને જેમના ડિઝર્ટેશન જમા કરવાના થતા હોય અથવા પુનઃ જમા કરવાના થતા હોય તે **તમામ વિદ્યાર્થીઓના ડિઝર્ટેશનની બે-બે નકલો નીચે જણાવેલ બાબતોને ધ્યાનમાં રાખીને તા. ૨૫-૦૩-૨૦૧૩ના રોજ સવારે ૧૧-૦૦ થી ૪-૦૦ વાગ્યાની વચ્ચે નવા પરીક્ષા ભવન ખાતે જમા કરાવવાના રહેશે.**

૧. તમામ વિદ્યાર્થીઓના નામની યાદીની બે નકલો નીચે જણાવેલી સારણી મુજબ તૈયાર કરીને સોફ્ટ કોપી (CDમાં-ગુજરાતી ફોન્ટ સાથે) અને હાર્ડ કોપીમાં મોકલવાની રહેશે. હાર્ડ કોપીની બે નકલો મોકલવાની રહેશે.
૨. આ યાદીમાં વિદ્યાર્થીઓના નામ તેમના યુનિવર્સિટી પરીક્ષાના બેઠક ક્રમના ક્રમમાં લખવાના રહેશે. આ યાદી અંગ્રેજીમાં લખવાની રહેશે. ડિઝર્ટેશનના ટાઈટલ જે તે ભાષામાં લખવા.

| Sr. No. | Exam Seat No. | Student's Name | Title of Dissertation (જે તે ભાષામાં) | Name of Guide | Recognition as PG Teacher No. of Guide | Signature of Guide |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | | | | | | |
| | | | | | | |
| ૩૫ | | | | | | |

૩. યુનિવર્સિટીની મંજૂરી સાથે ઈન્ટર્વ્યુ લઈને જે પ્રાધ્યાપકોને આપની એમ.એડ્. કૉલેજમાં નિમણૂંક આપવામાં આવી હોય તે પ્રાધ્યાપકોના સંદર્ભમાં ઉપરોક્ત સારણીના કોલમ નંબર ૬માં કોઈ માહિતી લખવાની રહેતી નથી. આ સારણીની નીચે આચાર્યશ્રીએ કબૂલાતનામું આપવાનું રહેશે કે 'હું ખાતરી આપું છું કે અમારી કૉલેજના રેકોર્ડ મુજબ ઉપરોક્ત તમામ વિગતો ખરી છે."

૪. આ કબૂલાતનામા પછી કૉલેજનું સીલ લગાડીને આચાર્યશ્રીએ પોતાના સિક્કા સાથે પોતાની સહી કરવાની રહેશે.

૫. **આપની કૉલેજની, વિદ્યાર્થીઓની કે માર્ગદર્શકની ઓળખ છતી થાય તેવું કોઈ પણ લખાણ, ચિત્ર કે આકૃતિ ડિઝર્ટેશનમાં કોઈ પણ જગ્યાએ દર્શાવેલ હોય તે તમામ જગ્યાએ એવી રીતે સ્ટિકર ચોંટાડવા કે જેથી કોઈ પણ વ્યક્તિ તે લખાણ, ચિત્ર કે આકૃતિ જોઈ કે વાંચી ન શકો.**

૬. દરેક ડિઝર્ટેશનના કવર પેજ પર જમણી બાજુએ ઉપરના ભાગે જે તે વિદ્યાર્થીનો યુનિવર્સિટી પરીક્ષાનો બેઠક ક્રમ લખવાનો રહેશે. જો ડિઝર્ટેશનના કવર પેજના રંગને કારણે બેઠક ક્રમ વાંચી શકાય તેમ ન હોય તો કવર પેજ પર સફેદ રંગના કાગળની એક ચબરખી ચોંટાડીને તેની ઉપર બેઠક ક્રમ લખવો. ડિઝર્ટેશનની હેરફેર કરતી વખતે આવી ચબરખી ઉખડી ન જાય તેની તકેદારી રાખવી.

૭. જે ક્રમમાં વિદ્યાર્થીઓના નામની યાદી બનાવી હોય તે ક્રમમાં જ તમામ ડિઝર્ટેશન્સ ગોઠવીને અને બે સેટ અલગ અલગ બનાવીને લાવવાના રહેશે.

૮. ડિઝર્ટેશન માટેનાં મૌખિક પરીક્ષા (Viva) ની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

૯. અધૂરી માહિતી સાથેના ડિઝર્ટેશન સ્વીકારવામાં આવશે નહીં. તેની સમગ્ર જવાબદારી જે વિભાગ અથવા કૉલેજના વડાની રહેશે.

આપનો વિશ્વાસુ,

કા. પરીક્ષા નિયામક વતી.